### કપરાડા તાલુકાના ગામોમાં પીવાના પાણી માટે ભર તાપમાં મહિલાઓનો સંઘર્ષ

# મહિલાઓ વેરીના ગંદા પાણી પીવા મજબૂર

**ફતેપુર** ગામના રાયતળે ફળિયામાં પીવાના પાણીની ગંભીર સમસ્યા

**કપરાડામાં** 'નલ સે જલ' યોજના કાગળ પર?

**૨૦૦ની** વસ્તી ધરાવતું ફળિયું તંત્રની ઘોર ઉપેક્ષાનું શિકાર



વલસાડ : વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના અને સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીની સરહદે આવેલા ફતેપુર ગામના રાયતળે ફળિયામાં પીવાના પાણીની સમસ્યાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. આશરે ૨૫ જેટલા ઘરો અને ૨૦૦થી વધુની વસ્તી ધરાવતા આ વિસ્તારમાં શુદ્ધ પીવાના પાણીની સુવિધાના નામે મીંડું છે. પરિણામે, સ્થાનિક મહિલાઓએ ધોમધખતા તાપમાં ઉંડી 'વેરીઓ' (ખાડા)માં જીવના જોખમે ઉતરીને પાણી ભરવાની નોબત આવી છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ વખતે નેતાઓએ 'નલ સે જલ' યોજના હેઠળ દરેક ઘરે પાણી પહોંચાડવાના મોટા-મોટા દાવા કર્યા હતા. પરંતુ વાસ્તવિકતા એ છે કે, રાયતળે ફળિયામાં નાખવામાં આવેલા નળોમાં પાણી જ આવતું નથી. ગ્રામજનોનો આક્ષેપ છે કે તંત્ર માત્ર કાગળ પર યોજનાઓ બતાવી રહ્યું છે, જ્યારે જમીની સ્તરે લોકો ગંદુ અને અશુદ્ધ પાણી પીવા મજબૂર છે.

અશુદ્ધ પાણીના વપરાશને કારણે સ્થાનિકો, ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધોમાં પાણીજન્ય રોગો ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે. અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં તંત્રના બહેરા કાને અથડાઈને આ માંગણીઓ પરત ફરે છે. ગ્રામજનોએ હવે આક્રોશ સાથે માંગ કરી છે કે ફળિયામાં તાત્કાલિક નવો બોરવેલ બનાવવામાં આવે, પાણીની ટાંકી બનાવી નિયમિત શુદ્ધ પાણીનો પુરવઠો પૂરો પાડવામાં આવે, નિષ્ફળ ગયેલી નલ સે જલ યોજનાની તપાસ કરવામાં આવે. જો વહેલી તકે કાયમી ઉકેલ નહીં આવે તો આગામી દિવસોમાં ગ્રામજનો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## સિલોટવાડમાં પાઈપલાઈનમાં ભંગાણથી પાણીના ફુવારા ઊડ્યા

**નવસારી** પાલિકાની ઉતાવળી કામગીરી સામે સ્થાનિકોમાં રોષ, ટેકનિકલ ખામીને કારણે લાખો લિટર પાણીનો બગાડ



નવસારી : નવસારી શહેરના સિલોટવાડ વિસ્તારમાં પાણીની મુખ્ય લાઇનના સમારકામ બાદ અચાનક પાણીના જોરદાર ફુવારા ઊડતા રહેવાસીઓ આશ્ચર્યમાં મુકાઇ ગયા હતા. ગત રાત્રે પાઇપલાઇનમાં તૂટફૂટ સર્જાતા પાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે મરામત કામગીરી હાથ ધરવામાં આવી હતી, પરંતુ સવારે પાણી છોડતા જ નવી સમસ્યા ઉભી થઈ હતી.

સ્થાનિકો મુજબ, પાણીનો પુરવઠો શરૂ થતા જ ટાંકી નજીકથી ભારે દબાણ સાથે પાણી ઊંચે સુધી ઉછળવા લાગ્યું હતું. થોડા જ સમયમાં રસ્તા પર પાણી ફરી વળતાં લોકો સ્થળ પર એકત્ર થઈ ગયા હતા. ઊડતા પાણીના ફુવારા જેવા દ્રશ્યોને કારણે વિસ્તારમાં થોડા સમય માટે કુતૂહલનો માહોલ સર્જાયો હતો.

માહિતી મુજબ, લાઇન રિપેરિંગ દરમિયાન કોઈ ટેક્નિકલ ખામી રહી જવા અથવા પાઇપલાઇનમાં હવાના દબાણના કારણે પાણીનું પ્રેશર અસામાન્ય રીતે વધી ગયું હોવાનું માનવામાં આવી રહ્યું છે. પાણીનો વ્યાપક બગાડ થવા સાથે રસ્તા પર પણ પાણી ભરાઈ જતાં લોકોને અવરજવરમાં મુશ્કેલી પડી હતી.

સ્થાનિક રહીશોએ પાલિકાની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરી હતી. લોકોનું કહેવું હતું કે રાત્રે ઉતાવળમાં કરાયેલા સમારકામના કારણે સવારે ફરી સમસ્યા ઉભી થઈ છે. એક તરફ કામગીરી પૂર્ણ થયાના દાવા કરવામાં આવ્યા હતા, જ્યારે બીજી તરફ ફરી ખામી સર્જાતા લોકોમાં અસંતોષ જોવા મળ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ પાલિકાની ટેક્નિકલ ટીમ ફરી સ્થળ પર પહોંચી હતી અને પ્રેશર નિયંત્રિત કરી ખામી દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ હતી. હાલ વિસ્તારમાં પાણી પુરવઠો નિયમિત બનાવવા માટે પ્રયાસો ચાલુ હોવાનું જાણવા મળ્યું છે.

## નવસારીમાં OTP વગર બેંક ખાતામાંથી 70 હજાર સાફ

**સાયબર** ઠગાઈની નવી પદ્ધતિથી કોઈપણ એલર્ટ વગર તબક્કાવાર નાણાં ઉપડી ગયા



નવસારીઃ નવસારી શહેરમાં સાયબર ઠગાઈનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેણે ડિજિટલ સુરક્ષા સામે અનેક સવાલો ઊભા કર્યા છે. શહેરના આશાનગર વિસ્તારમાં રહેતા એક વ્યક્તિના બેંક ખાતામાંથી કોઈપણ OTP, ફોન કોલ કે બેંક એલર્ટ વગર જ 70 હજારની રકમ ગાયબ થઈ જતા સાયબર સેલ દોડતું થયું છે.

કૃષ્ણા સોસાયટીમાં રહેતા દુર્ગારામ મંગલારામ દરજીના બેંક ઓફ બરોડાના ખાતામાંથી ગત તા. 23 થી 26 ફેબ્રુઆરી 2026 દરમિયાન અજાણ્યા શખ્સે તબક્કાવાર 70 હજારની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધી હતી. આશ્ચર્યની વાત એ છે કે ટ્રાન્ઝેક્શન સમયે ફરિયાદીને કોઈ મેસેજ મળ્યો નહોતો. બાદમાં બેંક સ્ટેટમેન્ટ તપાસતા જાણવા મળ્યું કે આ રકમ "patelhimanshu94-1@oksbi" નામના UPI આઈડીમાં ટ્રાન્સફર થઈ હતી.

ભોગ બનનારની ફરિયાદના આધારે નવસારી ટાઉન પોલીસે ગુનો નોંધી સાયબર સેલની મદદથી તપાસ શરૂ કરી છે. સાયબર નિષ્ણાતોના મતે, હવે ઠગો મેલવેર એપ, સિમ સ્વેપિંગ કે UPI ઓટો-પે જેવી આધુનિક ટેક્નિકનો ઉપયોગ કરી રહ્યા છે, જેમાં OTPની જરૂર પડતી નથી.

પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે કોઈપણ શંકાસ્પદ લિંક પર ક્લિક ન કરવું. જો કોઈ છેતરપિંડી થાય, તો તુરંત 1930 હેલ્પલાઈન અથવા cybercrime.gov.in પર ફરિયાદ કરવી. RBIની ગાઈડલાઈન મુજબ, 72 કલાકમાં જાણ કરવાથી રકમ પરત મળવાની શક્યતા વધી જાય છે.

## પુત્રીના પ્રેમ સંબંધ જીદથી વ્યથિત માતાનો આપઘાત

**વાંસદામાં** લગ્ન માટે ઉતાવળ અને સગાને ત્યાં રહેવા જવાની ઘટના બની નિમિત્ત

વાંસદા : વાંસદા તાલુકાના બારતાડ (ખાનપુર) ગામના રહેવાસી નરપત તુમડાની ૧૭ વર્ષીય સગીર પુત્રીને આંબા તલાટના યુવક સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. સગીરાએ યુવક સાથે લગ્ન કરવાની જીદ પકડતા માતા-પિતાએ ૧૮ વર્ષ પૂર્ણ થયા બાદ તેના લગ્ન કરાવી આપવાની વાત કરી હતી. માતા-પિતાની વાત માની હોવા છતાં, સગીર પુત્રી સગા-સંબંધીને ત્યાં રહેવા ચાલી ગઈ હતી. આ બાબતે નરપતભાઈ અને પત્ની વિનુબેન વચ્ચે બોલાચાલી થતી હતી. પુત્રીના આ વર્તનથી મનદુઃખ અનુભવતા હતા. સોમવારે સવારે માનસિક તણાવમાં રહેલા વિનુબેને ઘરમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવ સંદર્ભે મૃતકના પતિએ વાંસદા પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## આઈરીસ સ્કૂલ ઓફ નેક્સ્ટ જનરેશનનું ૧૦૦% પરિણામ

વાંસદાઃ શિક્ષણ જગતમાં પોતાનું અગ્રેસર સ્થાન જાળવી રાખતા, જય અંબે ગ્રુપ ઓફ સ્કૂલ્સ સંચાલિત આઈરીસ સ્કૂલ ઓફ નેક્સ્ટ જનરેશન દ્વારા ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવામાં આવ્યું છે. શાળાએ આ વર્ષે પણ સતત પોતાની સિદ્ધિ જાળવી રાખીને ૧૦૦% પરિણામ હાંસલ કર્યું હતું. જેમાં શાળાના ટોચના ત્રણ તેજસ્વી વિદ્યાર્થીઓએ આ ઝળહળતી સફળતામાં મુખ્ય ફાળો આપી શાળાનું ગૌરવ વધાર્યું છે. જેમાં પ્રથમ ક્રમ નિકિતા છોટારામ પટેલ 92.83%, દ્વિતીય ક્રમ તીર્થ નિમાવત 90.33% અને તૃતીય ક્રમે યશવી દેસાઈએ 89.67 % મેળવ્યા હતા.

## સગીર આદિવાસી બાળક પર પોલીસ અત્યાચારના આક્ષેપ સાથે આવેદનપત્ર

**ગણદેવી** પોલીસની અમાનવીય કાર્યવાહી સામે આદિવાસી સમાજનો આક્રોશ



કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા નજીક ગણદેવીના અમલસાડ પંથકમાં એક ૧૭ વર્ષના આદિવાસી સગીર પર પોલીસ દ્વારા કથિત રીતે કરવામાં આવેલા અમાનવીય અત્યાચારના વિરોધમાં મંગળવારે આદિવાસી સમાજના આગેવાનોએ ગણદેવી મામલતદાર દીપિકા રોઝને આવેદનપત્ર પાઠવ્યું હતું. આગેવાનોએ ચીમકી આપી છે કે જો આ મામલે ત્વરિત અને ન્યાયસંગત કાર્યવાહી કરવામાં નહીં આવે, તો ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન અને કાયદાકીય લડત લડવાની ફરજ પડશે.

આક્ષેપ મુજબ, ગત તા. ૦૨-૦૫-૨૦૨૬ની રાત્રે આશરે ૧૧:૩૦ કલાકે ગણદેવી પોલીસ સ્ટેશનના કર્મચારીઓ સગીર બાળકને તેના મામાના ઘરેથી પૂછપરછના બહાને લઈ ગયા હતા. પોલીસ સ્ટેશનમાં તેની સાથે ગુનેગાર જેવું વર્તન કરી ઢોરમાર મારવામાં આવ્યો હતો, જેના કારણે બાળકની આંખ, હાથ અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે.

સમાજના આગેવાનોનો દાવો છે કે પૂછપરછ દરમિયાન બાળ સુરક્ષાના કાયદાકીય નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે.

આ મામલે વધુમાં આક્ષેપ છે કે સવારે જ્યારે સમાજની મહિલાઓ બાળકને છોડાવવા ગઈ, ત્યારે પોલીસ દ્વારા તેમની સાથે અસભ્ય વર્તન કરી જાતિવિષયક અપશબ્દો બોલવામાં આવ્યા હતા. આ ઘટનાથી આદિવાસી સમાજમાં ભારે રોષ છે. સમાજના આગેવાનોનું કહેવું છે કે સગીર વયના બાળક સાથે પૂછપરછ દરમિયાન કાયદાકીય નિયમો અને બાળ સુરક્ષા સંબંધિત જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું નથી. મામલે વધુમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે સવારે બાળકને છોડાવવા ગયેલી આદિવાસી સમાજની મહિલાઓ સાથે પણ પોલીસ દ્વારા અસભ્ય વર્તન તથા જાતિવિષયક અપશબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઘટનાને લઈને સમગ્ર આદિવાસી સમાજમાં ઘેરા પ્રત્યાઘાત જોવાયા છે.




### સૂર્યનારાયણના આકરા મિજાજને કારણે સમગ્ર દ.ગુ. નું જનજીવન ખોરવાયું

## ડાંગમાં ગરમીનો પ્રકોપ: વઘઇમાં પારો 43°

**આહવા** અને સુબિરમાં પારો 42 ડિગ્રીની આસપાસ રહેતા બપોરે રસ્તાઓ પર કર્ફ્યુ જેવો માહોલ, સાપુતારામાં પણ તાપમાન 40 ડિગ્રીને આંબ્યું



ગીરીશ ભોયે

સાપુતારા : ગુજરાતના પ્રસિદ્ધ પ્રવાસન ધામ અને પ્રાકૃતિક સૌંદર્યથી સમૃદ્ધ ડાંગ જિલ્લામાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં આવેલા પલટાને કારણે આકરી ગરમી પડી રહી છે. સૂર્યનારાયણના આકરા મિજાજને કારણે સમગ્ર જિલ્લાનું જનજીવન ખોરવાયું છે. તાપમાનનો પારો સતત ઊંચે જતાં ડાંગવાસીઓ તોબા પોકારી ઉઠ્યા છે. ડાંગના વઘઇ તાલુકામાં સૌથી વધુ 43 ડિગ્રી તાપમાન નોંધાયું છે, જ્યારે આહવા અને સુબિર તાલુકામાં પારો 42 ડિગ્રીની આસપાસ રહેતા બપોરે રસ્તાઓ પર કર્ફ્યુ જેવો માહોલ સર્જાયો હતો.

ગુજરાતના 'ચેરાપુંજી' ગણાતા હિલ સ્ટેશન સાપુતારામાં પણ ગરમીનો પારો 40 ડિગ્રી સુધી પહોંચી ગયો છે. છેલ્લા 48 કલાકમાં તાપમાનમાં અંદાજે 2 ડિગ્રીનો વધારો નોંધાયો છે, જે પ્રવાસીઓ અને સ્થાનિકો માટે ચિંતાનો વિષય છે.

ભીષણ ગરમીને કારણે બજારો સુમસામ ભાસી રહ્યા છે અને લોકો ગરમીથી બચવા ઠંડા પીણાંનો આશરો લઈ રહ્યા છે. માત્ર મનુષ્યો જ નહીં, અબોલ પશુઓ પણ છાંયડો અને પાણીની શોધમાં ભટકી રહ્યા છે. વધતા તાપમાનને કારણે જિલ્લાની નદીઓ અને ચેકડેમોમાં પાણીનું સ્તર ઘટવા લાગ્યું છે, જેના કારણે વન્ય જીવો પર પણ સંકટ તોળાઈ રહ્યું છે.

હવામાન વિભાગની આગાહી મુજબ હજુ પણ ગરમી વધવાની શક્યતા છે. વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગે નાગરિકોને લૂથી બચવા પૂરતા પ્રમાણમાં પાણી પીવા, સુતરાઉ કપડાં પહેરવા અને બપોરના સમયે બિનજરૂરી બહાર ન નીકળવાની અપીલ કરી છે.

## ગરમીના કારણે સીમલક ગામ નજીક હાઈવેનો ડામર પીગળ્યો



નવસારી : નવસારી જિલ્લામાં કાળઝાળ ગરમીએ હવે પોતાનું રૌદ્ર સ્વરૂપ દેખાડવાનું શરૂ કરી દીધું છે. જિલ્લામાં તાપમાન ૪૧ ડિગ્રીની આસપાસ પહોંચતાં ગરમીનો પ્રકોપ એટલો વધ્યો છે કે સીમલક ગામ નજીક સ્ટેટ હાઈવે પર પાથરેલો ડામર પણ પીગળી જતા વાહનચાલકો પણ ચોંકી ઉઠ્યા હતા. આકરા તડકા અને સતત વધતા તાપમાનના કારણે હાઈવે પરનો ડામર નરમ પડી ગયો હતો, જેના કારણે રસ્તા પર વાહનો ચલાવવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. ખાસ કરીને બાઈકચાલકો અને નાના વાહનચાલકો માટે સ્થિતિ જોખમી બની ગઈ હતી. કેટલાક સ્થળોએ વાહનોના ટાયર ડામરમાં ચોંટતા હોવાની સ્થિતિ પણ સર્જાઈ હતી. ગરમીની તીવ્રતાને કારણે બપોરના સમયે રસ્તાઓ પર અવરજવર ઘટી ગઈ હતી. લોકો ગરમીથી બચવા માટે ઘરમાં જ રહેવાનું પસંદ કરી રહ્યા છે, જ્યારે બહાર નીકળનારા લોકો ઠંડા પીણાં અને છાંયડાનો સહારો લેતા જોવા મળી રહ્યા છે.

હવામાન વિભાગ મુજબ આગામી દિવસોમાં પણ ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની શક્યતા છે. આરોગ્ય વિભાગ દ્વારા લોકોને બપોરના સમયે બિનજરૂરી બહાર ન નીકળવા, પૂરતું પાણી પીવા અને ગરમીથી બચવા સાવચેતી રાખવાની અપીલ કરવામાં આવી છે.

## ચીખલીની રેફરલ હોસ્પિટલમાં હિટ સ્ટ્રોક માટે ૧૦ બેડનો વોર્ડ તૈયાર



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલીની રેફરલ હોસ્પિટલમાં હિટ સ્ટ્રોક માટે ૧૦ બેડનો વોર્ડ તૈયાર કરાયો હતો. જેમાં કુલર-પંખા સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી. છેલ્લા એક સપ્તાહથી તાપમાનનો પારો ૪૦-ડીગ્રીને પર પહોંચતા જનજીવન પ્રભાવિત થયું હતું. સવારના સમયે અસહ્ય બફારા અને બપોરે ફૂંકાતી લુ ને પગલે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ચીખલીની રેફરલ હોસ્પિટલમાં છેલ્લા પંદર દિવસમાં ઝાડા-ઉલ્ટીના દર્દીઓમાં વધારો જોવા મળ્યો હતો. હાલે ૧૧-જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે.

## તાપમાનમાં વધારાને લઈ વલસાડના માર્ગો સૂમસામ બન્યા

વલસાડ : વલસાડ જિલ્લામાં તાપમાનમાં વધારો થયો છે. સખ્ત ગરમીને લઈ લોકો હેરાન-પરેશાન બન્યા છે. ગરમીથી બચવા માટે ઈલેક્ટ્રીક ઉપકરણો તથા ઠંડા પીણાનો ઉપયોગ કરી રહ્યા છે. તાપમાનને લઈ લોકો કામ વિના ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. વાપી તથા વલસાડના માર્ગો બપોરના સમયે સૂમસામ રહે છે. વલસાડના મોગરાવાડી વિસ્તારમાં બપોરના સમયે રસ્તાઓ સૂમસામ જોવા મળ્યા હતાં.



# નવસારી કોર્ટમાં નવા વકીલ બિલ્ડિંગને મંજૂરી

**૧૦** દિવસમાં વકીલખાનાં ખાલી કરવાના આદેશથી હોબાળો

**વૈકલ્પિક** વ્યવસ્થા વગર બાંધકામ શરૂ કરાતા ૭૦૦થી વધુ વકીલો મુશ્કેલીમાં

નવસારી : નવસારી કોર્ટ પરિસરમાં લાંબા સમયથી પ્રતિક્ષિત એવા નવા વકીલ બિલ્ડિંગના બાંધકામને આખરે વહીવટી મંજૂરી મળી ગઈ છે. આ નિર્ણય કોર્ટના આધુનિક વિકાસ માટે મહત્વનું પગલું ગણાય છે, પરંતુ બીજી તરફ હાલ કોર્ટમાં પ્રેક્ટિસ કરતા સેંકડો વકીલો માટે આગામી સમય ભારે મુશ્કેલીઓભર્યો બની શકે છે. કોર્ટ પરિસરમાં મુકાયેલી સૂચના મુજબ, હાલના વકીલખાનાં (ચેમ્બર્સ) ૧૦ દિવસમાં ખાલી કરવા જણાવાયું છે, જેના કારણે વકીલ વર્તુળોમાં ભારે ચિંતા અને અસંતોષ વ્યાપ્યો છે.

માહિતી મુજબ, નવું બિલ્ડિંગ અંદાજે ૭૦૦થી વધુ વકીલોની ક્ષમતાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવશે, જેનું બાંધકામ પૂર્ણ થતા આશરે ત્રણ વર્ષ જેટલો સમય લાગી શકે છે. આ લાંબા ગાળા દરમિયાન વકીલોને બેસવા, ક્લાયન્ટ્સ સાથે ચર્ચા કરવા કે કેસ સંબંધિત દસ્તાવેજો રાખવા માટે કોઈ યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી નથી. વકીલોની નારાજગી છે કે કોઈ કામચલાઉ શેડ કે હોલની વ્યવસ્થા કર્યા વગર જ જગ્યા ખાલી કરવાના આદેશો આપી દેવાયા છે.

ખાસ કરીને ઉનાળાની ગરમી અને આગામી ચોમાસા દરમિયાન વકીલોને ગંભીર હાલાકી ભોગવવી પડી શકે છે. વકીલોનું કહેવું છે કે કોર્ટની કામગીરીમાં દસ્તાવેજોની સુરક્ષા અને ક્લાયન્ટ સાથેની ગોપનીય ચર્ચા અત્યંત મહત્વપૂર્ણ હોય છે. યોગ્ય ઓફિસ કે ચેમ્બર વગર વ્યવસ્થિત કામગીરી કરવી અશક્ય બની જશે. વિકાસના નામે જો મૂળભૂત સુવિધાઓ છીનવી લેવામાં આવશે, તો અરજદારોને પણ અન્યાય થશે.

હાલ વકીલ મંડળમાંથી એવી પ્રબળ માંગ ઉઠી રહી છે કે નવા બિલ્ડિંગનું કામ શરૂ થાય તે પહેલાં વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવામાં આવે, જેથી ન્યાયિક પ્રક્રિયા અને કોર્ટની દૈનિક કામગીરી પર કોઈ પ્રતિકૂળ અસર ન પડે. હવે તંત્ર વકીલોની આ વ્યાજબી માંગણીઓ પ્રત્યે કેવો અભિગમ અપનાવે છે, તેના પર સૌની મીટ મંડાણી છે.

# બીલીમોરા-ગણદેવીમાં સ્વચ્છતા સર્વેક્ષણ માટે ટીમનું આગમન

**ગત** વર્ષના શ્રેષ્ઠ રેન્કિંગને જાળવી રાખવા કવાયત, તંત્રમાં દોડધામ મચી

બીલીમોરા : ગણદેવી બીલીમોરા નગરપાલિકામાં સ્વચ્છતા સર્વેક્ષણની ટીમોએ સર્વે હાથ ધર્યો હતો. જેને કારણે તંત્રમાં દોડધામ મચી હતી.

ભારત સરકારનાં સ્વચ્છતા સર્વેક્ષણમાં દેશભરનાં પાંચ હજારથી વધુ શહેરો વચ્ચે સ્પર્ધા થઈ રહી છે. ગત વર્ષે ૨૦૨૪-૨૫નાં દેશભરમાં સ્વચ્છતા સર્વેક્ષણ પરીણામોમાં બીલીમોરા-ગણદેવી નગરપાલિકાઓએ સ્વચ્છતામાં હરણફાળ સાથે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. જેમાં ગણદેવી નગરપાલિકા (૨૦ હજારથી ઓછી વસ્તી ધરાવતી સીટીની કેટેગરીમાં રાજ્યમાં ૬૦'માં અને દેશભરમાં ૨૮૩'માં ક્રમે અને બીલીમોરા પાલિકાએ (૫૦ હજાર થી ૩ લાખ વસ્તી) કેટેગરીમાં રાજ્યમાં ૭૮'માં અને દેશમાં ૧૭૪'માં ક્રમે રહી હતી. આ સ્થાનોને ટકાવી રાખવાનાં કે ત્યાંથી હરણફાળ ભરવાના અનેક પડકારો વચ્ચે તંત્રમાં દોડધામ મચી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વચ્છતા સર્વેક્ષણ માટે કેટલાક મહત્વનાં માપદંડો છે. જેમાં સફાઈ કર્મચારીઓનું કલ્યાણ, કચરાનું સંકલન અને વિભાજન સહિતના સ્થળોની ચકાસણી હાથ ધરાઈ હતી. દિલ્હી ક્યુસીઆઈ અને ગુજરાતની ટીમોએ કામગીરી હાથ ધરી છે.